# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- સૌરાષ્ટ્ર કચ્છ અને મધ્ય ગુજરાતમાં આજે ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને જોતા અનેક જિલ્લાઓમાં રેડ અલર્ટ
- રાજ્યમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ, અંદાજે 24 હજાર લોકોને સ્થળાંતરિત કરાયા અને 1 હજાર 700 લોકોને બચાવાયા.
- આફતની સ્થિતિને પહોંચી વળવા 7 જિલ્લાઓમા સેનાની 6 કોલમ ટુકડીઓ તૈનાત, NDRF, SDRFની ટીમો પણ અસગ્રસ્ત જિલ્લાઓમાં બચાવકામગીરીમાં જોતરાઈ
- વરસાદને જોતા રાજ્યની તમામ શાળાઓમાં રજા જાહેર
- અને મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાતો સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ મોકૂફ

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJ WEATHER

મધ્ય પ્રદેશ ઉપર બનેલા ડીપ ડિપ્રેશનને પગલે રાજ્યમાં સાર્વત્રિક વરસાદની સ્થિતિ વચ્ચે આજે પણ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

આજે રાજ્યના જે જિલ્લાઓમાં રેડ અલર્ટ જાહેર કરાયું છે, તેમાં ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપુર, ડાંગ, તાપી, સુરત, નર્મદા, ભરૂચ, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છની વાત કરીએ તો સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

ઉપરાંત બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર અને અરવલ્લીમાં ભારેની શક્યતાને જોતા ઓરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. આ તમામ જિલ્લાઓમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગો તેમજ સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્ય વરસાદની આગાહી છે.

---

- વેધર સાઇટ – સુનિતા -(NAVIN)

# CM RESCUE PLAN

રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતી સામે નાગરિકોની સલામતી રાજ્યનું વહીવટી તંત્ર આગોતરી તૈયારી સાથે સુસજ્જ છે. ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ સહિત રાહત કમિશનર સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતેથી સમગ્ર રાજ્યની પરિસ્થતિનો સતત તાગ મેળવી જરૂરી સહાય અને માર્ગદર્શન પૂરું પાડ્યુ હતું.

રાજ્યમાં પૂરની સ્થિતિને જોતા કેન્દ્ર સરકાર દ્વારા રાહત-બચાવ કામગીરી માટે આર્મીની 6 કોલમ ક્રમશઃ દેવભૂમિ દ્વારકા, આણંદ, વડોદરા, ખેડા, મોરબી અને રાજકોટ જિલ્લામાં તૈનાત કરાઈ છે. આ ઉપરાંત NDRFની 14 પ્લાટૂન અને SDRFની 22 પ્લાટૂન પણ આપત્તિ વ્યવસ્થાપનના કામમાં જોડાઈ છે. સાથે જ કોસ્ટગાર્ડ અને નેવીની ટીમો પણ રાહત બચાવ કામમાં જોડાયેલી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 23 હજાર 871 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે તેમજ 1 હજાર 696 લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ છે.

---

- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# RAIN DATA OVERALL

ગઈ કાલે સાંજના છ વાગ્યાથી સવારના ચાર વાગ્યા સુધી રાજ્યનાં 247 તાલુકામાં હળવોથી ભારે વરસાદ પડ્યો છે. સૌથી વધુ 14 ઇંચ વરસાદ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકામાં અને જામનગર તાલુકામાં પડ્યો છે, જ્યારે જામનગરના જમલોધપુર તાલુકામાં 12 ઇંચ, રાણાવાવ અને કાલાવાડ તાલુકામાં 11-11 ઇંચ વરસાદ પડ્યો છે. રાજકોટના લોધિકા તાલુકામાં અને જામનગરના લાલપુર તાલુકામાં 10-10 ઇંચ વરસાદ પડ્યો છે.

# SCHOOL HOLIDAY

તો રાજ્યમાં ભારે વરસાદને પગલે ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદે રાજ્યની તમામ જાહેર, અનુદાનિત તેમજ સ્વનિર્ભર શાળાઓમાં આજે રજા જાહેર કરેલ છે.

---------------------------------------------------------------------

---યાદી, પીટીસી, અમદાવાદ, અનિલ -(NAVIN)

# SWAGAT ONLINE CANCEL

રાજ્યમાં ભારે વરસાદની પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષીને આવતીકાલ એટલે કે ગુરૂવારે યોજાનારો મુખ્યમંત્રીશ્રીનો રાજ્ય સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ તેમજ જિલ્લા કક્ષાએ યોજવામાં આવતો જિલ્લા સ્વાગત મુલતવી રાખવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ મહિનાનો રાજ્ય સ્વાગત 29 ઓગસ્ટના રોજ યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ સંબંધિતોને આ અંગેની નોંધ લેવા મુખ્યમંત્રીશ્રીના જન સંપર્ક એકમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

-માહિતી, હર્ષ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# RAIN PREP UPDATE - 1

ANAND

આણંદ જિલ્લામાં ભારે વરસાદને પગલે અનેક તાલુકાઓમાં સ્થિતિ ગંભીર બની હતી. જિલ્લાના કુંજરાવ ગામની સરદાર આવાસ કોલોનીમાં પાણી ભરાવાને કારણે 50થી વધુને સલામત સ્થળે ખસેડાયા હતા. દરમિયાન કૂંજરાવ ખાતેના સાર્વજનિક ધર્મશાળામાં આશ્રય લઈ રહેલા આ લોકો સાથે રાજયના આરોગ્ય મંત્રીશ્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી ઋષિકેષ પટેલે આત્મિય સંવાદ કરી તંત્ર દ્વારા આપવામાં આવેલ સવલતો અંગે વાતચીત કરી હતી.

MORABI

સૌરાષ્ટ્રના મોરબી જિલ્લામાં પૂર જેવી સ્થિતિ સર્જાતા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મોડી રાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે ગાંધીનગરથી પહોંચેલા મંત્રી પ્રફુલ્લ પાનસુરિયા અને પ્રતિનિધિ મંડળે હળવદના ઢવાણા ગામ પાસે બનેલી ઘટના તેમજ મોરબી જિલ્લામાં છેલ્લા 26 કલાકમાં પડેલા વરસાદની આંકડાકીય માહિતી મેળવી હતી. સાથે જ જિલ્લામાં રાહત અને બચાવકામગીરી અંગે સૂચનાઓ આપી હતી.

AMRELI

તો અમેરિલીના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે અમરેલીમાં ભારે વરસાદની સ્થિતિને જોતા જિલ્લા પ્રશાસન દ્વારા નાગરિકોને સતર્ક રહેવા સૂચના અપાઈ છે. અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ, નાગરિકોને સાવચેતીના પગલાં રુપે સંદેશ જાહેર કર્યો છે. સાવચેતીના ભાગરુપે તમામ વિભાગ અને તાલુકા કક્ષાના અધિકારીઓ તેમજ કર્મચારીઓને એલર્ટ કરવામાં આવ્યા છે.

..2..

અમરેલી જિલ્લામાં આફતની સ્થિતિને જોતા એનડીઆરએફની ટુકડી તૈનાત કરાઈ છે. ઉપરાંત જિલ્લામા ફાયર, પોલીસ, પંચાયત, પીજીવીસીએલ તેમજ આપત વ્યવસ્થાપન વિભાગની ટીમો તૈયાર છે.

RAJKOT

તો આ તરફ રાજકોટમાં નાગરિકોની સલામતી માટે જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ વહીવટીતંત્ર સુસજ્જ છે. જિલ્લામાં ભારે વરસાદને કારણે વિવિધ સબ સ્ટેશનમાં પાણી ભરાવવાના અને વીજ પોલ પડી જવાના કારણે વીજ પુરવઠો પ્રભાવિત થયો હતો. જિલ્લામાં કુલ ૬૧૦ ગામડાઓમાંથી ૧૯૯ ગામડાઓ અસરગ્રરત થયા હતા, જેમાં તેમજ ૧૦ વીજ પોલ પડી ગયા હતા, જેમને સમારકામ કરીને વીજપુરવઠો પુનહ યથાવત કરાયો છે.

MORBI

મોરબી નજીક માળિયા હાઇવે રોડ પર પાણીમાં ફસાયેલા બે ટ્રકોમાંથી એકને મોડી રાતે રેસક્યૂ કરીને બહાર કઢાયા હતા.

MEHSANA

તો મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે જિલ્લામાં નિચાણવાળા ઝૂપડપટ્ટી વિસ્તારોમાં રહેતા અંદાજે 200થી વધુ લોકોને શરણાર્થી શિબિરોમાં સ્થળાંતરીત કરાયા હતા.

JAMNAGAR

જામનગરમાં વરસાદીની સ્થિતિ વિશે વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ જગત રાવલ.

**BYTE – JAGAT RAWAL VC**

..3..

VERAVAL

તો વેરાવળમાં ગઈકાલે ભીડિયા બંદરે ભાર પવન અને વરસાદને કારણે ડૂબી રહેલી બોટોમાંથી આઠ ખલાસીઓને ઉગારી લેવાયા હતા. અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે બોટ ગંગેશ્વર પાસેના કાંઠા પાસે પહોંચી તે સમયે પલટી ખાઈ જતા અડધા કલાકની જહેમત બાદ ખલાસીઓને બચાવી લેવાયા હતા.

KUTCH

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે ગઈકાલે નાની ખેડોઈથી માધવનગર જતા રસ્તામાં ખેડોઈ ગામની અંદાજે સોથી દોઢસો જેટલી ગાયો માધવનગરમાં ફસાઈ હતી, જેમને અંજાર પોલીસ અને ગામના લોકોએ મળીને વહેણમાંથી બચાવી હતી.

DAHOD

ભારે વરસાદની સ્થિતિને જોતા દાહોદ જિલ્લા પ્રભારી સચિવ રાજકુમાર બેનીવાલે પાટાડુંગરી ડેમની મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી હતી. અમારા પ્રતિનિધિ પ્રેમશંકર કડિયા જણાવે છે કે ભારે વરસાદની સ્થિતિમાં પાટાડુંગરી ડેમમાં પાણીની આવકમાં થનારા સંભવિત વધારા અને તેના પરિણામે જો કોઈ સ્થિતિ ઊભી થાય તો સંભવિત રીતે અસરગ્રસ્ત થઈ શકે તેવા વિસ્તારોના લોકો માટેના આયોજન અને પૂર્વતૈયારીઓ વિશે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી.

---------------------------------------------------------------

-પીટીસી, -(NAVIN)

# MGVCL- VIJ PURVATHO

મધ્ય ગુજરાતમાં ભારે વરસાદને કારણે 569 ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

મધ્ય ગુજરાતમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે પંચમહાલ જીલ્લાના 288, ખેડાના 88, આણંદના 41 અને વડોદરા જીલ્લાના 152 સહિત કુલ 569 ગામમાં વીજપુરવઠો ખોરવાયો હતો, જેને પુનઃસ્થાપિત કરવા માટે **MGVCL**ની 536 ટીમના એક હજાર 706 કર્મચારી યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી.

----------------------------------------------------------------------

- પીટીસી-વડોદરા-મિત્તલ પટેલ-યશ્વી

# RAILWAY AFFECTED

ભારે વરસાદને પગલે પશ્ચિમ રેલવેની અનેક ટ્રેનોને અસર થતા હજારો પ્રવાસીઓ અટવાઈ પડ્યા છે. પશ્ચિમ રેલવેએ જાહેર કરેલી યાદી પ્રમાણે ભૂજ-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ, ગુજરાત એક્સપ્રેસ, બોરિવલી અમદાવાદ એક્સપ્રેસ રદ્દ કરાઈ છે. જયારે કે ઘણી ખરી ટ્રેનો મોડી ચાલી રહી છે.

---------------------------------------------------------------------

- વેસ્ટર્ન રેલવે – સુનિતા -(NAVIN)